અરવલ્લી : શામળાજી કોલેજના વિદ્યાર્થીઓએ યુનિવર્સીટી આપોના પ્લે કાર્ડ દર્શાવી, પ્રિન્સિપલને આવેદનપત્ર આપ્યું

ઉત્તર ગુજરાત યુનિવર્સીટી પાટણ સ્થિત હોવાથી અરવલ્લી જીલ્લાની કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ૧૯૦ કિલોમીટર સુધી કામકાજ અર્થે ધક્કા ખાવા પડતા હોવાથી વારંવાર અરવલ્લી જીલ્લામાં અલગ યુનિવર્સીટી આપવામાં આવેની માંગ ઉઠી છે ત્યારે વધુ એક વાર શામળાજી કોલેજના વિદ્યાર્થીઓએ કોલેજ કેમ્પસમાં યુનિવર્સીટી આપોના પ્લે કાર્ડ સાથે માંગ કરી પ્રિન્સિપલને આવેદનપત્ર આપ્યું હતું. અરવલ્લી જિલ્લાની અગ્રેસર કોલેજો પૈકીની શ્રી કલજીભાઈ આર કટારા આર્ટ્સ કોલેજ, શામળાજી કૉલેજ કેમ્પસ ખાતે મોટી સંખ્યામાં વિદ્યાર્થિઓને હાજર રહી યુનિ ના કોઈ પણ કામ માટે ૧૬૦ કિમી દુર પાટણ મુકામે જઉં પડે છે જેમા ખૂબ જ હાડમારી અનુભવવી પડે છે આર્થિક અને શારીરિક રીતે થાકી જવાય છે અને ક્યારેક કામ પૂરું ના થાય તો રોકાવવું ક્યાં તેના ઘણાં પ્રશ્નોથી પીડા અનુભવાય છે તેને ધ્યાને લઈ કેમ્પસના ગાર્ડનમાં આર્ટ્સ, બી.એડ., એમ એસ ડબલ્યુ, નર્સિંગ, એસ આઈ તમામના વિદ્યાર્થી ભાઈ બહેનોએ એકત્ર થઈ " આંપો, આપો; યુનિવર્સિટી આપો", "એક દો તીન ચાર ; અમારી યુનિવર્સિટી અમારે દ્વાર " , અમારી યુનિવર્સિટી, અરવલ્લી, અરવલ્લી" જેવાં સૂત્રોચ્ચાર દોહરાવી કોલેજના જી એસ અને એલ આરે પ્રિન્સિપાલ ડો એ કે પટેલને લેખિત આવેદનપત્ર આપ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે સદર માંગ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની તમામ કોલેજના વિદ્યાર્થીઓ અને વાલીઓએ અગાઉ પણ કરેલી હતી જેની આજ સુધી કોઈ માંગ પુરી કરાઈ નથી અત્રે ઉલ્લેખનીય છે કે બંને જિલ્લાઓમાં થઈ ૧૬૦ કોલેજો છે યુનિ ગ્રાન્ટ કમિશન (યુ જી સી) ના નિયમ મુજબ ૫૦ કોલેજો હોય તો યુનિવર્સિટી મળવા પાત્ર છે

પ્રાંતિજ ખાતે પાંચ થી છ જેટલી બસ બંધ થતા મંત્રી ગજેન્દ્રસિંહ પરમારને લેખિતમાં રજુઆત

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ભાંખરીયા બસસ્ટેશન ઉપર આવતી પાંચ થી છ જેટલી બસો બંધ થતા પ્રાંતિજ-તલોદ ના ધારાસભ્ય અને ગુજરાત રાજ્ય ના મંત્રી ગજેન્દ્રસિંહ પરમાર ને લેખિત મા રજુઆત કરી. પ્રાંતિજ ભાખરીયા બસસ્ટેન્ડ ખાતે વર્ષોથી આવતી બસ છેલ્લા એક અઠવાડીયાથી કોઈ કારણોસર બંધ કરવામા આવતા પ્રાંતિજ થી મુસાફરી કરતા મુસાફરો તથા નોકરી કરતા કર્મચારીઓ તેમજ પ્રાંતિજ ના વેપારીઓને અપડાઉન કરવામા મુશ્કેલી પડે છે તથા અમદાવાદ થી પ્રાંતિજ આવતી છેલ્લી સાંજના નવ વાગ્યા ની આવતી બસ બંધ કરી દીધી છે જે બસ પણ છેલ્લા પંચાસ વર્ષ થી ચાલતી અને સાજે છેલ્લી બસ હોવાથી અમદાવાદ ગીતામંદિર થી મુસાફરી કરતા મુસાફરોને ખુબજ અનુકુળ પડતી તે બસ પણ કોઇ કારણોસર બંધ કરી દીધી છે આ સિવાય પ્રાંતિજ થી રણાસણ વાયા ભાંખરીયા , પ્રાંતિજ થી અમદાવાદ નાઈટ ની બસ , હડિયોલથી વાયા ભાંખરીયા-અમદાવાદ , કેશરપુરથી વાયા ભાંખરીયા-અમદાવાદ , હિંમતનગર થી વાયા ભાંખરીયા-અમદાવાદ વગેરે પાંચ થી છ બસો બંધ થવાથી પ્રાંતિજ ના શહેરીજનો તથા વેપારીઓ કર્મચારીઓને હાલતો હાલાકીઓ પડી રહી છે તો પ્રાંતિજ નગરના વેપારીઓ દ્વારા પ્રાંતિજ તલોદ ના ધારાસભ્ય અને ગુજરાત રાજ્ય ના મંત્રી ગજેન્દ્રસિંહ પરમાર ને લેખિત મા જાણ કરી છે તો હિમતનગર તથા અમદાવાદ ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમ મા પણ લેખિત મા જાણકરવામા આવી છે અને જો આવનાર દિવસો માં ઉકેલ નહી આવે તો વેપારીઓ દ્વારા ગાંધી ચિધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશે તેવી ચિમકી ઉપચારી છે.

બનાસકાંઠામાં ગાયો માટેનું આંદોલન ચરમ સીમા સુધી પહોંચ્યુ...

બનાસકાંઠા જિલ્લાનું ૧૬૦ ગૌશાળા પાંજરાપોળ અંદાજિત ૭૦,૦૦૦ પશુઓ છે જેમને તબક્કાવાર છોડવા અગાઉ સરકારને અલ્ટીમેટમ આપવામાં આવ્યું હતું જેના પગલે બનાસકાંઠાના સૌથી વધુ ગૌશાળા અને પાંજરાપોળ આવેલી છે તેવા ડીસા થરાદ વાવ સુઈગામ દિયોદર લાખણી ધાનેરા તાલુકાઓમાં આવેલી ગૌશાળા પાંજરાપોળના સંચાલકોએ ઢોર જ્યાં બાંધેલા હતા તે દરવાજા ખોલી મુખ્ય માર્ગ પર લાવી નજીકની સરકારી કચેરી તરફ પ્રયાણ કરતા હડકંપ મચ્યો હતો અને વહેલી સવારથી અટકાયતોનો દોર શરૂ થયો હતો. જિલ્લામાં અંદાજિત ૨૦૦થી વધુ ગૌસેવકોની અટકાયતો જુદા જુદા પોલીસ મથકોમાં કરવામાં આવી હતી. અને ૧૦,૦૦૦ થી પણ વધુ ગાયો ગૌશાળા અને પાંજરાપોળ માંથી છોડી મુકાઈ હતી જેના પોલીસની હાડમારી વધી ગઈ હતી. ગાયોને રોકવા માટે બેરીકેટ્સ લગાવવામાં આવ્યા હતા પરંતુ કોઈ કાળે ગાયો રોકાઈ ન હતી અને શહેરી વિસ્તાર તરફ ગાયો એ પ્રયાણ કર્યું હતું. સૌથી વધુ કફોડી હાલત થરાદ ડીસા હાઈવે પર થઈ હતી જ્યાં મોટી સંખ્યામાં લાખણી પંથકની ગાયો રોડ ઉપર જમાવતા વાહન વ્યવહાર ઠપ થઈ ગયો હતો જ્યારે ડીસા શહેરમાં ગાયો ઘૂસી જતા અફડા તફડીનો માહોલ સર્જાઈ ગયો હતો.વાવ અને થરાદ તાલુકાની ગૌશાળા ના સંચાલકોએ પોતાની ચાવીઓ મામલતદાર કચેરીમાં જમા કરાવી અમારે ગૌશાળા નથી ચલાવી તેમ કહેતા તંત્રમાં દોડધામ મચી હતી.

પાલનપુર સિવિલ હોસ્પિટલમાં કોરોનાથી રાજસ્થાનની યુવતીનું મોત

બનાસકાંઠા જીલ્લામાં કોરોનાના નવા કેસો નોંધાઈ રહ્યા છે. દરમિયાન પાલનપુર સિવિલ હોસ્પિટલમાં દાખલ રાજસ્થાનની એક ૨૭ વર્ષિય યુવતીનું કોરોનાથી મોત નિપજ્યું હતુ. બનાસકાંઠામાં કોરોનાના કેસ નોંધાઈ રહ્યા છે. જ્યાં પાલનપુર સિવિલ હોસ્પિટલમાં એક દર્દીનું મોત નિપજ્યું હતુ. આ અંગે સિવિલ સુપ્રિન્ટેન્ડન્ટ ડો. સુનીલ જોષીએ જણાવ્યું કે, રાજસ્થાનની ૨૭ વર્ષિય યુવતીને બે દિવસ અગાઉ કોરાનાવોર્ડમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવી હતી. જેની હાલત ગંભીર હોઈ બાયપેપ ઉપર હતી. દરમિયાન ગુરૂવારે તેણીનું મોત નિપજ્યું હતુ. આ યુવતીએ કોરોનાના બંને ડોઝ લીધેલા હતા.

પોશીના-સરહદી રાજસ્થાનના ગામડાઓમાં રાત્રે આકાશમાં લેસર શો જેવા દશ્યોએ કુતુહલ સર્જયું

આકાશમાં જોવા મળેલી અજીબોગરીબ ઘટનાએ ચર્ચા જગાવી

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૨૪

પોશીના તાલુકાના ગામડાઓ ઉપરાંત નજીકના સરહદી રાજસ્થાનના ગામોમાં રાત્રે આકાશમાં લેસર શો જેવા દ્રશ્યો સર્જાતાં સ્થાનિક પ્રજામાં કુતુહલ સર્જાયું છે. આકાશમાં એક લાઈનમાં જગારા મારતા પદાર્થ ઉડતા જોવા મળતાં આદિવાસી પ્રજા આશ્ચર્યમાં મૂકાઈ છે. ૪ દિવસ પહેલાં પોશીનાના ગામડાઓ ઉપરાંત રાજસ્થાનના કેટલાક વિસ્તારોમાં જોવા મળેલી આ ઘટના સોશ્યલ મીડીયામાં ફરતી થયા પછી અનેક પ્રકારના તર્કવિતર્ક શરુ થયા છે જેમાં સંભવિત રીતે આકાશમાં જોવા મળેલ નજારો સેટેલાઈટ સમો હોવાની વાતો બહાર આવી છે.

જિલ્લાના અંતરીયાળ પોશીના તાલુકાના પોશીના, દંત્રાલ, આંબામહૂડા, કોલંદ, પેટા છાપરા, કાલીકાંકર અને છંજનાર ઉપરાંત સરહદી રાજસ્થાનના ઢેઢુમાળીયા, સાંઢમાળીયા, બીલવણ, જોગીવડ, જુડા, માતાઘાંટી, ડાઘાવટી અને દેવલા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં ગત મંગળવારની રાત્રે આકાશમાં ઓચિંતા એક જ લાઈનમાં તેજ પ્રકાશ ઉડતા જોવા મળતાં આદિવાસી વિસ્તારોની પ્રજા ચોંકી ઉઠી હતી. એક જ લાઈનમાં ૨૦ થી પણ વધુ જાણે કે તારાઓ ઉડતા જતા હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા. અસંખ્ય લોકોએ આ અદ્દભૂત નજરો કુતુહલવશ જોયા પછી પોતાના મોબાઈલમાં કેદ કરી લીધો હતો. ગ્રામ્ય વિસ્તારોમાં શંકાસ્પદ ડ્રોન ઉડતાં હોવાના અહેવાલો વચ્ચે સાબરકાંઠાના અંતરીયાળ પોશીના સહિતના રાજસ્થાનના સરહદી ગામોમાં આકાશમાં રાત્રે લેસર શો જેવા દ્રશ્યોએ આ વિસ્તારમાં મોટું રહસ્ય ઉભું કર્યું છે. આકાશમાં એક જ લાઈનમાં ૫ મીનીટ સુધી ઝગારા મારતા તારા જેવો સમૂહ પસાર થતો જોઈ તરેહ તરેહની ચર્ચાઓએ જોર પકડ્યું છે. આ વિસ્તારના કેટલાક નાગરિકોએ તો આ અદ્દભૂત નજારાને મોબાઈલમાં કેદ કર્યા પછી સોશ્યલ મીડીયામાં તેને વાયરલ કરતાં ઉડતો તેજ પ્રકાશ એલંગમસ્ક દ્વારા છોડવામાં આવેલ સેટેલાઈટ સમૂહ હોવાની વાતો પણ બહાર આવી છે. જાણવા મળ્યા મુજબ આકાશમાં જોવા મળેલ રહસ્યમય પ્રકાશ સમૂહ પોશીનાના ગ્રામ્ય વિસ્તારો ઉપરાંત સરહદી રાજસ્થાનના કોટડા તાલુકાના ગામડાઓમાં પણ જોવા મળ્યો છે.

આકાશમાં જોવા મળેલ પદાર્થ સેટેલાઈટ હોવાની ચર્ચા

પોશીના અને સરહદી રાજસ્થાનમાં ગામડાઓમાં રાતના સમયે આકાશમાં એક જ લાઈનમાં લેસર શો જેવા દ્રશ્યો જોવા મળ્યા હતા. આ ઘટનાએ સ્થાનિક લોકોમાં કુતુહલ જગાવ્યું છે ત્યારે જોવા મળેલ નજારો સેટેલાઈટ સમૂહ હોવાની વિગતો પણ ચર્ચાઈ રહી છે. ખગોળના અભ્યાસુનું માનવું છે કે પોશીના ઉપરાંત રાજસ્થાનના આકાશમાં જોવા મળેલ આ નજારો સેટેલાઈટ સમૂહ હોઈ શકે કેમ કે સેટેલાઈટ ઉપર સોલર પેનલ લગાવવામાં આવે છે. રાતના સમયે આકાશમાં સૂર્યની રોશનીના કારણે તે ચમકતા હોય છે.

સાંભળ્યું છે ખરું પણ બીજી કોઈ માહિતી નથી - તાલુકા વિકાસ અધિકારી

પોશીના તાલુકા વિકાસ અધિકારી એન.એચ.ચૌધરીએ જણાવ્યું હતું કે આકાશમાં કંઈક ઉડતું હોવાના વિડીયો સોશ્યલ મીડીયામાં ફરી રહ્યા છે. આવી હકીકત મેં સાંભળી છે પરંતુ આ અંગેની વધુ કોઈ વિગત મારી પાસે નથી પરંતુ કાલીકાંકરના સરપંચે આ ઘટના નજરે જોયાનું જણાવ્યું હતું.

હે રામ - જિલ્લામાં દારૂની રેલમછેલ વચ્ચે ગાંધી જયતિથી ઉજવાશે નશાબંધી સપ્તાહ

દર વર્ષની જેમ આ વર્ષે પણ ઉજવણીના આયોજન

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૨૪

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં દેશી-વિદેશી દારૂની રેલમછેલ વચ્ચે સરકારી તંત્ર ગાંધી જયતિથી શરૂ થનાર નશાબંધી સપ્તાહની તૈયારીમાં પરોવાયું છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ ગાંધી જયતિથી નશાબંધી સપ્તાહ ઉજવાશે જેમાં ૨ ઓક્ટોબરથી તા.૮ ઓક્ટોબર સુધી દારુ, બીડી, સીગારેટ અને તમાકુ થી થતા નુક્સાન અંગે લોક જાગૃતિ લાવવા પ્રયાસ કરવામાં આવશે. જિલ્લામાં થોડાક સમય માટે પોલીસે દારૂની બદી ઉપર સકંજો કસ્યા પછી હવે પક્કડ ઢીલી પડી છે અને ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં દેશીવિદેશી દારૂની રેલમછેલ થતી હોવાના કારણે નશાબંધી સપ્તાહમાં દારુનું દૂષણ અટકશે કે કેમ ?? તે કહેવું મુશ્કેલ છે.

દર વર્ષે સરકાર દ્વારા આ સમયગાળામાં નશાબંધી સપ્તાહની ઉજવણી કરવામાં આવતી હોય છે. નશાબંધીનો સંદેશ જનજન સુધી પહોંચે તે માટે વિવિધ કાર્યક્રમો, સંમેલનો અને જાગૃતિ અભિયાન ચલાવવામાં આવતાં હોવા છતાં જિલ્લામાં વ્યસનોના દૂષણે માજા મૂકી છે. તમાકુ, ગુટખા, બીડી, સીગારેટ તો ઠીક પરંતુ ઘણા લાંબા સમયથી દેશી-વિદેશી દારૂની બદીએ અનેક પરિવારોને બરબાદ કરી નાખ્યા છે. દારૂના વ્યસનના કારણે અસંખ્ય બંધાણીઓ મોતના મુખમાં ધકેલાઈ ગયા હોવા છતાં પોલીસના હપ્તારાજથી આ દૂષણ ઘટવાને બદલે વધી રહ્યું હોવાથી જિલ્લામાં નશાબંધી સપ્તાહની ઉજવણી ફારસરૂપ સાબિત થતી હોય છે. જિલ્લામાં આગામી ૨ ઓક્ટોબરથી આ વર્ષે પણ નશાબંધી સપ્તાહની ઉજવણીનું આયોજન કરવામાં આવતાં સરકારના જવાબદાર વિભાગોએ તેની તૈયારીઓ આરંભી છે. સપ્તાહની ઉજવણીના ભાગરુપે જિલ્લા તેમજ તાલુકા મથકોએ રાજકીય આગેવાનો, પદાધિકારીઓ અને ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં પ્રભાત ફેરી, સરઘસ તેમજ રેલીઓનું પણ આયોજન કરવામાં આવ્યું છે. લોક જાગૃતિ માટે વ્યસનમુક્તિ સેમીનારો તેમજ ઝુંપડપટ્ટી વિસ્તારોમાં નશાબંધીનો સંદેશ વધુ અસરકારક રીતે પહોંચે તેવા આયોજનો કરવામાં આવી રહ્યા છે પરંતુ દેશી-વિદેશી દારૂની રેલમછેલ વચ્ચે નશાબંધી સપ્તાહની થનારી ઉજવણી વર્ષોની જેમ હાસ્યાસ્પદ બની શકે છે.

બનાસકાંઠા જિલ્લામાં ચાલુ વર્ષે સાયબર ક્રાઈમના ૧૨ ગુના નોંધાયા

સોશિયલ મીડિયા ફ્રોડ અને ફાઈનાન્સિયલ ફ્રોડમાં અનેક લોકો છેતરાયા : ભેજાબાજ ઠગોએ ઓનલાઈન ફ્રોડ કરી લોકો પાસેથી ૫૫ લાખ રૂપિયા ખંખેર્યા

પાલનપુર તા.૨૪

મોબાઈલ અને ઈન્ટરનેટના યુગમા સાયબર ક્રાઈમના પગ પેસારા થી અનેક લોકો છેતરાય રહ્યા છે જેમાં બનાસકાંઠા જિલ્લામા ચાલુ વર્ષે સાયબર ક્રાઈમના બાર ગુના નોંધાયા છે જેમાં સોશિયલ મીડિયા અને ફાઈનાન્સિયલ ફ્રોડમાં અનેક લોકોએ લાખો રૂપિયા ગુમાવ્યા છે અને રોજે રોજ કેટલાય લોકો છેતરપીંડીનો ભોગ બની રહ્યા છે. બનાસકાંઠા જિલ્લા માં સોશિયલ મીડિયામા ચેટ મારફેતે અને વિવિધ વેબસાઈડો પર લલચામણી જાહેરાતો,રાતોરાત કરોડપતિ બનવાના સ્વપ્રે,ઓનલાઈન વીજ બીલ ભરવા, ખાનગી વીમા કંપની માં નજીવા પ્રીમિયમે લાખો કરોડોના વીમા જેવી ફાઈનાન્સિયલ જાહેરાતો અને ફેસબૂક, ઈન્સ્ટાગ્રામ, ટિવટર જેવા સોશિયલ મીડિયા માં ઓનલાઈન ચેટ માં લોકો છેતરપીંડી નો ભોગ બની રહ્યા હોઈ જિલ્લામાં આવી છેતરપીંડીના બાર જેટલાં સાઈબર ક્રાઈમના ગુના નોંધાયા છે જેમા અનેક લોકોએ ફાઈનાન્સિયલ ફ્રોડમાં ૫૫ લાખ ઉપરાંતના ગુમાવ્યા છે આ સાયબર ક્રાઈમમાં મુખ્યત્વે લોકો સોશિયલ મીડિયામા અજાણ્યા ગઠીયા ઓ સાથે લોકો સાથે મિત્રતા કેળવી બાદમાં ઓનલાઈન વીડિયો ચેટ સહિતના માધ્યમો લોકો ન્યૂડ વીડિયો કોલમાં ફસાવી તેમને બ્લેક મેઈલ કરતા હોવાના કિસ્સામાં વધારો થઈ રહ્યો છે ત્યારે મોબાઈલ અને ઈન્ટરનેટ વાપરતા લોકોએ ઓનલાઈન ફ્રોડ થી બચવા માટે સોશિયલ મીડિયા ના ઉપયોગ વખતે અજાણ્યા વ્યક્તિ સાથે મિત્રતા કરવા પહેલા સાવચેતી રાખવી એજ સલામતી સમાન બની રહે છે

જિલ્લામાં નોંધાયેલા ફાઈનાન્સિયલ ફ્રોડના ગુના

બનાસકાંઠા જિલ્લા મા ચાલુ વર્ષે ફાઈનાન્સિયલ ફ્રોડ માં ઓનલાઈન વીજ બીલ ભરવામાં એક લાખની છેતરપીંડી, નોકરીના બહાને રૂ.૨.૪૭ લાખ, ઈલેક્ટ્રિક બાઈકને વેબસાઈડ મારફતે ૬.૮૨ લાખ, લાઈફ ઈન્સ્યોરન્સના નામે ૨.૨૨ લાખ, લક્ષ્મી કુબેર ધનવર્ષા યંત્ર મા ૯.૩૮ લાખ નવા સિમ કાર્ડ દ્વારા જાળેશ્વર કંપનીના બૅંક ખાતા માંથી ૯.૩૮ લાખની ઉઠાંતરી અને દાની ડાટામાં લોકો સાથે લાખોની છેતરપિંડી થઈ હતી.

સૂકાને પ્રેમિકા ન મળી પણ પોલિસ મળી ગઇ, પ્રેમિકાને મળવા જતાં પોલિસ જાપ્તામાં સૂકો : ૨૪ કલાક પોલિસને દોડાવી

મોડાસા, તા. ૨૫

અરવલ્લી જિલ્લામાં હાહાકાર મચાવી દેનાર સૂકો ૪૮ કલાકમાં જ પોલિસના હાથે લાગી ગયો છે. ૨૨ સપ્ટેમ્બરના મોડી રાત્રે સૂકો ડુંડ પોલિસ જાપ્તામાંથી ફરાર થઈ ગયો હતો, જેને લઈને પોલિસ બેડામાં ખડભડાટ મચી જવા પામી હતી એટલુ જ નહીં સૂકાના ફરાર થઈ જવાથી ૪ પોલિસ કર્મચારીઓ પણ સસ્પેન્ડ થઈ ગયા હતા. પ્રાપ્ત માહિતી મુજબ સૂકો ફરાર થઈ ગયા પછી તેની પ્રમિકાને મળવા માટે જવાનો આવવાનો હતો જે બાતમીના આધારે પોલિસે વોચ ગોઠવી હતી. સૂકો આવતા જ પોલિસે તેને ઝડપી પાડ્યો હતો. છેલ્લા દોઢ વર્ષથી અધીર બનેલો સૂકો પોલિસને ચકમો આપીને ફરાર તો થઈ ગયો પણ પ્રમિકાને મળવા આવતા જ પોલિસના જાળમાં આવી ગયો છે. પોલિસે સૂકાને ઝડપ્યો ત્યારે સૂકાએ નાસી છૂટવા માટે અથાગ પ્રયાસો કર્યા હતા જોકે સૂકો નિષ્ફળ સાબિત થયો હતો. સૂકો ફરાર થઈ જતાં પોલિસે એલ.સી.બી., એસ.ઓ.જી., પેરોલ તેમજ ભિલોડા પોલિસ સહિતના ૨૫ માણસોની ૩ ટીમ બનાવી હતી ત્યારે ચોક્કસ બાતમીના આધારે આખરે સૂકો પોલિસ જાપ્તામાં આવી જતાં પોલિસે રાહતનો શ્વાસ લીધો છે.

હિંમતનગરના કડોલી-કટ્ટી ગામના મંદિરોના વિકાસ માટે રૂ.૨૫ લાખની દરખાસ્ત

વહીવટી મંજૂરી માટે ફાઈલ સરકારમાં મોકલાઈ

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૨૪

પ્રવાસન સ્થળોનો વિકાસ જરૂરી છે જેથી રોજગારી વધે પરંતુ સાબરકાંઠા જિલ્લામાં પાછલા ૫ વર્ષથી પ્રવાસન ધામોના વિકાસ માટે ગ્રાન્ટ ફળવાઈ નથી. મોડે મોડે હિંમતનગર તાલુકાના કડોલી-કટ્ટી ગામના બે મંદિરોને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે રુ ૨૫ લાખની દરખાસ્ત વહીવટી મંજૂરી માટે ફાઈલ સરકારમાં મોકલાઈ હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર સાબરકાંઠા જિલ્લામાં વર્ષ-૨૦૧૬ પછી પ્રવાસન ધામોના વિકાસ માટે ગ્રાન્ટ ફળવાઈ નથી અને ૨ વર્ષથી કરેલી દરખાસ્ત પછી પણ કામ ફાઈલોના બોજ તળે અટવાઈ પડ્યા જેવી સ્થિતિ છે. અગાઉ આંતરસુંબામાં ઉદ્યાન, પોળો ફોરેસ્ટ માટે ? ૨૨૫ લાખની ગ્રાન્ટ વન વિભાગને તબદીલ કરી હતી. પરંતુ હજુ ત્યાં પણ સવલતના નામે મીંડા જેવી સ્થિતિ છે. પ્રવાસીઓ આકર્ષાઈને આવે તો છે પરંતુ અહીંયાં પર્યાપ્ત સુવિધાનો અભાવ હોવાથી જિલ્લાની અને વહીવટી તંત્રની છબી સતત ખરડાઈ રહી છે. ત્યારે ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ, ગાંધીનગર દ્વારા ઝોનલ ઈજનેરને હિંમતનગર તાલુકાના કડોલી પાસેના કટ્ટી ગામે આવેલ ચમત્કારીક હનુમાનજી મંદિર અને લક્ષ્મીનારાયણ મંદિરને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે કાર્યપાલક ઈજનેર દ્વારા પત્ર પાઠવવામાં આવ્યો છે અને સરકારના તા.૨૮-૧૦-૨૦૧૦ના ઠરાવ અન્વયે રુ ૨૫ લાખની મર્યાદાના કામો માટેની વહીવટી મંજૂરી માટે ફાઈલ સરકારશ્રીમાં સાદર કર્યાનું જણાવવામાં આવ્યું છે. વિધાનસભાની ચૂંટણી નજીક છે ત્યારે તાબડતોબ આ અંગે રાજ્ય સરકારે નિર્ણય લેવો રહ્યો અન્યથા ચૂંટણી આચારસંહિતાના બોજ હેઠળ વધુ એક પ્રવાસન ધામનો વિકાસ રુંધાઈ જાય તેવું પણ બની શકે.

બનાસ ડેરીના બાયો CNG પ્રોજેક્ટમાં મારુતિ સુઝુકી કંપનીએ દાખવ્યો રસ

ચેરમેન શંકરભાઈ ચૌધરી સાથે મારુતિ સુઝુકી કંપનીના ડિરેક્ટર અને જાપાની અધિકારીઓએ યોજી મીટીંગ

બનાસકાંઠા,

એશિયાની સૌથી મોટી બનાસ ડેરી દ્વારા પશુઓના છાણમાંથી દેશનો પ્રથમ બાયો સી.એન.જી પ્લાન્ટ શરુ કરવાનો જે સફળ નવતર પ્રયોગ કરવામાં આવ્યો છે, એમના આ નવતર પ્રયોગથી પ્રેરિત થઈને જાપાનની સુઝુકી કંપનીના ડિરેક્ટર અને વરિષ્ઠ અધિકારીઓએ બનાસ ડેરીના બાયો ઊર્જા પ્લાન્ટની મુલાકાત કરી હતી અને ચેરમેન શંકરભાઈ ચૌધરી સાથે મીટીંગ યોજીને સવિસ્તાર ચર્ચા કરી હતી. પાંચ મહિનામાં મારુતી સુઝીકી કંપનીના અધિકારીઓની આ બીજી મુલાકાત છે, જે દર્શાવે છે કે બનાસ ડેરી માત્ર ભારત જ નહિ પણ વિશ્વના અન્યો દેશોને પોતાના કામથી પ્રેરિત કરી રહી છે. પશુપાલક અને ખેડૂતોની આવક ડબલ કરવાના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના સ્વપ્રને સાકાર કરવાના પ્રયાસરૂપે બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં આ સાહસ કરવામાં આવ્યું હતું.

છાણમાંથી પશુપાલકોને આવક આપવાના ઉમદા અભિગમ સાથે શરુ કરાયેલ બનાસ બાયો ઊર્જા પ્લાન્ટ અને એમાં વપરાયેલ ટેક્નોલોજીનો સવિસ્તાર અભ્યાસ કરીને જાપાનની સુઝુકી કંપનીએ બાયો ઊર્જા ને અનુરૂપ પોતાના વાહનો બનાવવા તેમજ એજ વાહનોને વાહન ચાલક પોતાના ઘરે તૈયાર કરાયેલ ગોબર ગેસમાંથી ગેસ ભરી શકે એવી વ્યવસ્થા ઉભી થઈ શકે તે માટેના રીસર્ચ અને ઈનોવેશનમાં બનાસ ડેરી સાથે કામ કરવાની ઈચ્છા દર્શાવી હતી.

ગામડાઓમાં સ્વચ્છતા બની રહે તેમજ નવીનીકરણ સ્વચ્છ ઉર્જાની પ્રાપ્તિ થાય એ હેતુ સાથે શુદ્ધ બાયો ગેસ ઉત્પન્ન કરવામાં આવે છે, જે વાહન ચલાવવા માટે ઈંધણના સ્વરૂપમાં કામ આવે છે, એને ઉત્પન્ન કરવાના સાથે જૈવિક ખાતર બનાવવા આ પ્લાન્ટનો ઉપયોગ થાય છે, એ જાણીને સુઝુકી કંપનીના પદાધિકારીઓએ બનાસ ડેરીની પ્રશંસા કરી હતી.

જાપાનની સુઝુકી કંપનીના શ્રી કેનીચીરો ટોયોફૂકું (ડિરેક્ટર ઞ), શ્રી કોજીમા સાન (જીસ્-ત્નğ્ğહ) શ્રી યામાનો સાન (જીસ્-ત્નğ્ğહ), શ્રી પરિક્ષેત મૌની (વાઈસ પ્રેસિડેંટ), શ્રી સંજયભાઈ પઢીયાર (મેનેજર) અને શ્રી અખિલેશ સિંહ (મેનેજર) એ મુલાકાત લીધી હતી.

તાજેતરમાં જ બાયોગેસના આયોજનથી એક સ્વચ્છ ભારતનું નિર્માણ કરવા માટે બનાસડેરી દ્વારા ખીમાણા, રતનપુરા-ભીલડી, રાધનપુર અને થાવર ખાતે ગોબર ગેસ સ્ટેશન ઉભા કરવાની કામગીરી શરુ કરવામાં આવી છે. જેનું ઈ-ભૂમિપૂજન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના હાથે કરવામાં આવ્યું હતું. આ ચાર સ્થાનો પર ૧૦૦ ટન ગોબરની પ્રતિદિવસની ક્ષમતા ધરાવતા પ્લાન્ટ ઉભા કરવામાં આવશે.